# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
# ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૭–૦૨–૨૦૧૦**

- **ગુજરાતની જનતા પર આ વર્ષે વેટનો રુા.૨૦,૦૦૦/–કરોડનો કરબોજ છે તેને ઘટાડવો જોઈએ.**
- **વધારાનો સરચાર્જ એક વર્ષ માટેજ નાખીએ છીએ તેમ કહીને ૨૫%નો વધારાનો જે કરબોજ સરચાર્જ તરીકે છે તે દુર કરો.**
- **સરચાર્જના નામે રુપિયા ૫૦૦૦/–કરોડની જનતાને વધારાનો માર છે, તેનાથી મોઘવારી ગુજરાતમાં સૌથી વધારે છે.**
- **ગુજરાતમાં પેદા થયેલી અને પેકીંગ થયેલી વસ્તુ મહારાષ્ટ્રમાં સસ્તી મળે છે અને ગુજરાતમાં મોંઘી.**
- **આતંકવાદ સામે સૌએ એક બનીને લડવુ જોઈએ પરંતુ ભાજપની ઈન્દોર ખાતેની કારોબારીમાં આતંકવાદના નામે રાજકારણ.**
- **ડો.મનમોહનસિંઘની વિચક્ષણ રાજનીતિના કારણે આતંકવાદી પાકિસ્તાનમાં બોમ્બ ધડાકા કરતો થયો.**
- **ભાજપના શાસનમાં પાકિસ્તાન ઝુકયું નહોતુ પરંતુ ભાજપના નેતાશ્રી સુષ્માસ્વરાજજીએ સરમુખત્યાર મુશર્રફને ઝૂકી ઝૂકીને સલામો ભરી હતી.**

ગુજરાતમાં વેટના દર સૌથી વધારે છે અને તેના ઉપર પાછો વધારાનો સરચાર્જ બે વર્ષ પહેલાં ૨૫%નો નાખવામાં આવ્યો હતો. આ વધારાનો સરચાર્જ માત્ર એક વર્ષ માટે વિકાસ માટે નાણાની જરુરિયાત માટે લેવાયા છે તેમ કહીને રુા.૮૦૦/–કરોડનો બોજો આવશે તેમ સરકારે જણાવ્યું હતું. કમનસીબે ગુજરાતમાં સૌથી વધારે વેટના દર હોવાછતાં ૨૫%નો નંખાયેલો સરચાર્જ એક વર્ષ પછી દૂર કરવાના બદલે સતત ચાલુ રાખવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષ દવારા માંગણી કરવામાં આવી છે કે, આ વધારાનો સરચાર્જ આગામી બજેટ સત્રમાં દૂર કરવામાં આવે. મોંઘવારીની અસર સમગ્ર દેશમાં છે. ભારત સરકાર મોંઘવારી ઘટાડવા પ્રયત્ન કરી રહી છે ત્યારે ગુજરાત સરકારે પણ મોંઘવારી સામે પોતાની નૈતિક જવાબદારી બજાવવી જોઈએ. વેટના દરમાં ઘટાડો કરવામાં આવે અને સરચાર્જ દૂર કરવામાં આવે તો ગુજરાતની જનતાને કરોડો રુપિયાની મોંઘવારીના સમયમાં રાહત મળી શકે. બે વર્ષ પહેલાં નંખાયેલો વધારાનો સરચાર્જથી રુા.૮૦૦/– કરોડનુ ભારણ ગુજરાતની જનતા પર આવશે તેમ કહેવામાં આવ્યુ હતું.પરંતુ ખરેખર આ સરચાર્જથી ગુજરાતની જનતાના રુા.૨૦૦૦/–કરોડ કરતાં પણ વધારે કરબોજ ભોગવવો પડયો છે. સન–૨૦૦૮–૦૯માં માત્ર વેટના ભારણથી ગુજરાતની જનતાએ રુા.૧૮૦૦૦/–કરોડનો ટેક્ષ ગુજરાત સરકારને ભર્યો છે. આ વર્ષે ગુજરાત સરકારને વેટની આવક રુા.૨૦,૦૦૦/–કરોડ કરતાં પણ વધારે થવાની છે. મહારાષ્ટ્ર સરકારે મોંઘવારીના સમયમાં લોકોને મદદરુપ થવા વેટના દર તદ્દન ઓછા એટલે કે મીનીમમ સ્લેબ પર રાખેલા છે. આમ છતાં તાજેતરમાં વડાપ્રધાન ડો.મનમોહનસિંઘે મોંઘવારીના મુદદે સર્વ પક્ષીય બેઠક બોલાવ્યા બાદ મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ વેટના દરો જીવન જરુરિયાતની ચીજવસ્તુઓ ઉપર ઘટાડો કરવાની જાહેરાત કરી છે. પરંતુ ગુજરાત સરકારે આવા કોઈ પગલાં ભર્યા

નથી અને માત્ર રાજકીય નિવેદનો કરી કેન્દ્ર સરકારને દોષિત ગણવાનો પાંગળો પ્રયત્ન કરેલ છે. ભૂતકાળમાં જયારે વિશ્વમાં કોઈ મંદી નહોતી અને કેન્દ્રમાં તથા ગુજરાતમાં ભાજપની સરકાર હતી ત્યારે ડુંગળી જેવી વસ્તુઓમાં પણ લોકો રાતા પાણીએ રડતા હતાં તે વાત ભાજપ કેમ ભુલી જાય છે?

ગુજરાતમાંથી પેદા થયેલું મરચું અને ધાણાજીરુ ગુજરાતમાંથી પેકીંગ થઈને મુંબઈના પોશ વિસ્તારમાં વેચાય છે. તે ગુજરાતમાં ગરીબ વિસ્તાર વેચાતા ધાણા–જીરુ અને મરચું કરતાં સસ્તુ છે. કારણ કે, મહારાષ્ટ્ર સરકારે ધાણા–જીરુ અને મરચું જેવી આમ આદમીની જીવન જરુરિયાતની વસ્તુઓ પર કોઈ ટેક્ષ નાખેલો નથી જયારે ગુજરાતમાં સૌથી વધારે વેટના દર હોવા છતાં ઉપરાંત ૨૫%નો સરચાર્જ આમ આદમીની જીવન જરુરિયાતની ચીજો ઉપર છે. ગુજરાત વિધાનસભા કોંગ્રેસપક્ષે માંગણી કરી છે કે, આગામી બજેટમાં આમ આદમી માટેના વેટના દરમાં ઘટાડો કરવામાં આવે અને ૨૫%નો સરચાર્જ દૂર કરવામાં આવે. ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનમાં ભાજપના ધારાસભ્યશ્રીના પિતાશ્રી ચેરમેન છે. તેમણે જે દૂધનો ભાવ વધારો કર્યો છે તેને પણ દૂર કરવા મુખ્યમંત્રીશ્રી પાસે માંગણી કરવામાં આવી છે.

આતંકવાદ સામે સૌએ એક બનીને લડવુ જોઈએ અને આતંકવાદીના નામે રાજકારણ ન કરવુ જોઈએ તે સમયની માંગ છે. ગત લોકસભાની ચૂંટણી વખતે ભાજપ દવારા આતંકવાદના મુદદે રાજકીય લાભ લેવાનો ભરપૂર પ્રયત્ન થયો પરંતુ આ દેશની પરિપકવ લોકશાહી અને સૂઝબૂઝવાળી જનતાનો સ્પષ્ટ આદેશ આતંકવાદ સામે રાજનીતિ કરનારા ભાજપને ફેંકી દેવાનો આવ્યો આમછતાં ઈન્દોર ખાતે મળી રહેલી ભાજપની કારોબારીમાં આતંકવાદના નામે રાજકારણ શરુ થયું છે તેને જનતા કયારેય પણ સ્વીકારશે નહી. લોકો ભાજપના શાસનને હજુ પણ ભૂલ્યા નથી કે જયારે રઘુનાથ મંદિર ઉપર, લાલ કિલ્લા ઉપર, દેશની સંસદ ઉપર, અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલાઓ થયા હતાં તેમજ ભાજપના એક મંત્રી આતંકવાદીઓને રુપિયાની બેગો ભરી કંદહાર ખાતે છોડવા ગયા હતાં. આજે આતંરરષ્ટ્રીય કક્ષાએ યુ.પી.એ.સરકાર અને ભારતના વડાપ્રધાન ડો. મનમોહનસિંઘની વિચક્ષણ રાજનીતિના કારણે મજબૂર થઈને પાકિસ્તાને આતંકવાદી કેમ્પો ઉપર કાર્યવાહી કરવી પડી છે. અને તેથીજ જે આતંકવાદી પાકિસ્તાનમાં રહીને હિન્દુસ્તાનમાં બોમ્બ ધડાકા કરતો હતો તે આતંકવાદી આજે પાકિસ્તાનમાં બોમ્બ ધડાકા કરતો થયો છે. ભાજપના શાસનમાં સરમુખત્યાર મુશર્રફ આપણા દેશમાં આવીને આપણુ અપમાન કરી ગયા હતાં અને એ જયારે આવ્યો ત્યારે હાલના સંસદના વિરોધપક્ષના નેતાશ્રી સુષ્માજીએ ઝૂકીઝૂકીને તેને સલામો ભરી હતી. દિશાવિહીન ભાજપ ઈન્દોર ખાતેની તેની કાર્યકારીમાં દેશને ઉપયોગી રચનાત્મક વિરોધપક્ષની ભૂમિકાને બદલે ચીલાચાલુ અને ચવાઈ ગયેલું ગંદુ રાજકારણ માત્ર કરવા જઈ રહયું છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન.વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(જે.જે.રસાણીઆ)**
અંગત મદદનીશ